# ઈંગ્લેન્ડ ટૂર માટે જાહેર થઈ ભારતીય ટીમ, શુભમન ગિલ બન્યો કેપ્ટન




**(એજન્સી)નવી દિલ્હી,**
ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડના પ્રવાસે જશે. આ પ્રવાસ ૨૦ જૂનથી શરૂ થશે, જેમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ રમાશે. BCCI એ આ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ટીમ ઈન્ડિયાનો આ પહેલો મોટો પ્રવાસ છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમની સાથે નવા ટેસ્ટ કેપ્ટનની પણ જાહેરાત કરવામાં આવી છે.

શુભમન ગિલને ભારતીય ટેસ્ટ ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ગિલ ભારતીય ટીમનો ૩૭મો ટેસ્ટ કેપ્ટન બન્યો છે. ૨૫ વર્ષીય ગિલ ભારતીય ટીમના પાંચમો સૌથી યુવા ટેસ્ટ કેપ્ટન છે. ગિલ સામે હવે ઈંગ્લેન્ડની ધરતી પર માત્ર બેટથી જ નહીં પરંતુ કેપ્ટનશિપ સાથે પણ સારું પ્રદર્શન કરવાનો મુશ્કેલ પડકાર રહેશે. અર્શદીપ સિંહને પહેલીવાર ટેસ્ટ ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર શાનદાર પ્રદર્શન કરનાર ઓપનર યશસ્વી જયસ્વાલ અને ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે કે સાઈ સુદર્શન અને કરુણ નાયરને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. સુદર્શનને ૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સ માટે તેની શાનદાર બેટિંગ માટે ઈનામ મળ્યું છે. કરુણ નાયર ૮ વર્ષ પછી ભારતીય ટીમમાં પાછો ફર્યો છે. તેણે રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં વિદર્ભ તરફથી રમતા ૮૬૩ રન બનાવ્યા હતા. આ જ કારણ છે કે હવે તેને લાંબા સમય પછી તક આપી છે.

ઈંગ્લેન્ડમાં, જસપ્રીત બુમરાહ બોલિંગમાં પેસ એટેકનું નેતૃત્વ કરતો જોવા મળશે. બુમરાહને સપોર્ટ આપવા માટે અર્શદીપ સિંહ અને મોહમ્મદ સિરાજ જેવા પેસર પણ હાજર રહેશે. સ્પિન બોલિંગની જવાબદારી કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજાના ખભા પર રહેશે. નોંધનીય છે કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝની પહેલી ટેસ્ટ મેચ લીડ્સમાં રમાશે. આ સાથે, ૨૦૨૫-૨૭ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાયકલ શરૂ થશે.

શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વિકેટકીપર/વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, અભિમન્યુ ઈશ્વરન, કરુણ નાયર, નીતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ.

# કેન્સર થયાની જાણ થતા એન્જિનિયરનો પરિવાર સાથે સામૂહિક આપઘાત

**(એજન્સી)જમશેદપુર,**
જમશેદપુરથી એક દર્દનાક ઘટના સામે આવી છે. અહીં ગમહરિયામાં આવેલી ટાટા સ્ટીલ કંપનીમાં સિનિયર મેનેજર તરીકે તહેનાત કેન્સરથી પીડિત ૪૦ વર્ષીય એન્જિનિયર કૃષ્ણ કુમારે પત્ની અને બે બાળકો સાથે સામૂહિક આત્મહત્યા કરી લીધી. શુક્રવારે રાત્રે ચારેયના મૃતદેહ ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે પાડોશીઓએ બંધ રૂમમાંથી દુર્ગંધ આવતી હોવાની જાણકારી પોલીસને આપી હતી. જેના બાદ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. કૃષ્ણ કુમાર તાજેતરમાં જ કેન્સરની સારવાર કરાવીને મુંબઈથી પરત ફર્યા હતા. તેમને નિયમિત કીમોથેરાપી કરાવવા કહેવાયું હતું પરંતુ બુધવાર બાદથી તેઓ આદિત્યપુરના ચિત્રગુપ્ત નગરમાં આવેલા પોતાના ઘરની બહાર નીકળ્યા જ નહીં. મૃતકોમાં કૃષ્ણ કુમાર, તેમની પત્ની ડોલી, ૧૩ વર્ષની પુત્રી પૂજા અને છ વર્ષની મૈયાનો સમાવેશ થાય છે.

શુક્રવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે, ચારેયના મૃતદેહ એક જ રૂમમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. મૃતકના પિતા શોબિંદો તિવારીએ જણાવ્યું કે મારો પુત્ર કૃષ્ણ કુમાર ટાટા સ્ટીલમાં સિનિયર મેનેજર છે. તે કેન્સરથી પીડાતો હતો. તેની પત્ની ડોલી દેવીની વિનંતી પર અમે મારા દીકરાને કેન્સરની સારવાર માટે ફ્લાઈટ દ્વારા મુંબઈ લઈ ગયા. ત્યાંના ડોક્ટરોએ મને કહ્યું કે કીમોથેરાપી કરાવવી પડશે. આ સુવિધા જમશેદપુરમાં પણ ઉપલબ્ધ છે. ત્યારબાદ અમે મારા દીકરાને લઈને ફ્લાઈટ દ્વારા જમશેદપુર પહોંચ્યા. અહીં કીમોથેરાપી માટે દાખલ થવું પડ્યું. રજા માટે તેણે કંપનીમાં અરજી પણ કરી હતી. દરમિયાન, જ્યારે ગુરુવાર રાતથી પુત્રનો આખો પરિવાર ઘરની બહાર ન આવ્યો, ત્યારે આ અંગેની માહિતી પોલીસને આપવામાં આવી. પાડોશીઓનું કહેવું છે કે કેન્સરનું નિદાન થયા પછી આખો પરિવાર ડિપ્રેશનમાં સરી ગયો હતો. મુંબઈમાં જાણ થઈ હતી કે કૃષ્ણ કુમારને ત્રીજા સ્ટેજનો કેન્સર છે. જ્યારથી દીકરો મુંબઈથી પાછો આવ્યો ત્યારથી આખા પરિવારે કોઈની સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. તેમને છેલ્લે બુધવારે સાંજે જોવામાં આવ્યા હતા. ત્યારથી તેમનો રૂમ બંધ હતો. દરવાજો તોડ્યા પછી, પોલીસ ટીમે ફોરેન્સિક ટીમને બોલાવી.

# શ્રીલંકામાં મીઠાંની તીવ્ર અછત ભારતે મીઠાની ગુણો મોકલી

**(એજન્સી)કોલંબો,**
શ્રીલંકાના પુટ્ટલમ જિલ્લાના મીઠાના ઉત્પાદકોના જણાવ્યા પ્રમાણે ગત સપ્તાહે થયેલા ભારે વરસાદને લીધે લગભગ ૧૫,૦૦૦ મે.ટન જેટલું મીઠું ધોવાઈ ગયું છે. આથી મીઠાની એક બોરીની કિંમત પાંચ ગણી વધી ગઈ છે.ભારે વરસાદને લીધે એક તરફ મીઠાનું ઉત્પાદન ઠપ થઈ ગયું છે, તો બીજી તરફ ઉત્પાદિત મીઠાના ડુંગરો વરસાદમાં ધોવાઈ ગયા છે. આથી શ્રીલંકામાં મીઠાનું ઉત્પાદન નહીં સમાન બની રહ્યું છે. લોકો મીઠા જેવી અનિવાર્ય જીવન જરૂરિયાતની ચીજના ભાવ આસમાને પહોંચ્યા છે. મીઠાના વેપારીઓ જેમની પાસે મીઠાનો સ્ટોક છે તેઓ મલાઈ ખાઈ રહ્યા છે.મીડીયા રીપોર્ટ પ્રમાણે શ્રીલંકામાં અત્યારે મીઠું ૧ કીલોના ૧૨૫ થી ૧૪૫ રૂપિયા સુધી પહોંચી ગયું છે તેનું કારણ તે છે કે દેશમાં સામાન્યતઃ થતાં કુલ ઉત્પાદનના ૨૩ ટકા જેટલું જ મીઠું પેદા થયું છે.ભારતે ૩,૦૫૦ મે. ટન જેટલી મીઠાની ખેપ મોકલવા નિર્ણય કર્યો, પરંતુ ભારે વરસાદને લીધે તે પહોંચાડવામાં પણ વાર થાય છે. આ પૈકી ૨૮૦૦ મે.ટન નેશનલ સોલ્ટ કંપની દ્વારા મોકલાયું છે. ૨૫૦ મે.ટન સોલ્ટ પ્રાઈવેટ કંપનીઓએ મોકલ્યું છે. જોકે તત્કાળ તો ભારત સરકારે તે ખાનગી કંપનીઓને પૈસા ચુકવ્યા છે જોકે આગામી સપ્તાહે સ્થિતિ કાબુમાં આવી જશે તેવું અનુમાન છે.

## સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળે અબુ ધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાત લીધી



**અબુધાબી,**
ઓપરેશન સિંદૂર હેઠળ સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોની વિશ્વના વિવિધ દેશોની મુલાકાત અંતર્ગત, શિવસેના સાંસદ શ્રીકાંત એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે તેઓની યુ. એ. ઈ. મુલાકાત દરમિયાન અબુ ધાબીના વિશ્વપ્રસિદ્ધ BAPS હિન્દુ મંદિરની મુલાકાત લીધી હતી.

આ પ્રતિનિધિમંડળમાં ભાજપના સાંસદો – બાંસુરી સ્વરાજ, મનન કુમાર મિશ્રા અને એસ.એસ. અહલુવાલિયા; બીજેડી સાંસદ સસ્મિત પાત્રા; IUML સાંસદ ઈ.ટી. મોહમ્મદ બશીર; અને સુજન ચિનોય (જાપાનમાં રાજદૂત) સામેલ હતા.

મંદિરની અપ્રતિમ સુંદરતા, પવિત્રતા અને આધ્યાત્મિકતાથી સમગ્ર પ્રતિનિધિમંડળ ખૂબ પ્રભાવિત થયું હતું; ખાસ કરીને મંદિરનો વૈશ્વિક સૌહાર્દનો સંદેશ સૌને સ્પર્શી ગયો હતો.

પ્રતિનિધિમંડળનું મંદિર ખાતે ભારતના UAE રાજદૂત સંજય સુધીર અને મંદિરના ચેરમેન અશોક કોટેચા દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શાંતિ, એકતા અને સહિયારા મૂલ્યોના શાશ્વત સ્થળ એવા આ મંદિરના સર્જન માટે પ્રતિનિધિમંડળે બી.એ.પી.એસ. સંસ્થાના પ્રયાસોને તેમજ ભારતના અને યુ.એ.ઈ. ના નેતૃત્વને બિરદાવ્યું હતું.

પશ્ચિમ રેલવે - અમદાવાદ
જાહેર સૂચના
કલોલ-કડી-કટોસણ રેલવે ખંડ ટ્રેનોની અવરજવર માટે કાર્યરત કરવામાં આવી
પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કલોલ-કડી-કટોસણ ખંડ હવે નિયમિત રીતે ટ્રેનોની અવરજવર માટે કાર્યરત કરવામાં આવ્યો છે. હવે આ ખંડમાં ટ્રેનોની સેવા શરૂ થવા જઈ રહી છે. રેલવે પ્રશાસન સામાન્ય જનતાને અપીલ કરે છે કે રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવા રેલવે ટ્રેક ઓળંગવા કે તેની નજીક જવું એ કાયદા દ્વારા માત્ર સજાપાત્ર નથી, પરંતુ તે જીવલેણ પણ બની શકે છે. તમારી સલામતી અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
050
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# આઈપીએલ ૨૦૨૫માં પાંચ કરોડપતિ ભારતીય ખેલાડી ફ્લોપ




**(એજન્સી)મુંબઇ,**
ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ માં પ્લેઓફ મેચોનો સમય ધીમે ધીમે નજીક આવી રહ્યો છે. ગુજરાત ટાઈટન્સ,રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સએ પ્લેઓફમાં પ્રવેશ કર્યો છે. જ્યારે બાકીની છ ટીમો પહેલાથી જ પેકઅપ થઈ ગઈ છે. આઈપીએલ ૨૦૨૫ ની ફાઈનલ ૩ જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે.

જો જોવામાં આવે તો આઈપીએલ ૨૦૨૫ કેટલીક ટીમો માટે ખરાબ સ્વપ્ન સાબિત થયું, જ્યારે કેટલાક ભારતીય ખેલાડીઓ માટે પણ આ સિઝન તેમની અપેક્ષાઓથી વિપરીત રહી. કેટલાક સ્ટાર ખેલાડીઓ તેમની મોટી કિંમતને યોગ્ય ઠેરવવામાં નિષ્ફળ ગયા અને તેમની ટીમો પ્લેઓફમાંથી પણ બહાર થઈ ગઈ.

આઈપીએલ ૨૦૨૫માં બધાની નજર લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંત પર હતી, પરંતુ તેની બેટિંગે ચાહકોને નિરાશ કર્યા. રિષભે ૧૩ મેચમાં ૧૩.૭૨ ની સરેરાશથી માત્ર ૧૫૧ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૦૭.૦૯ રહ્યો છે, જે ખૂબ જ આશ્ચર્યજનક છે. ઋષભની કેપ્ટનશીપ પણ નબળી રહી અને સારી શરૂઆત છતાં તેની ટીમ પ્લેઓફમાં સ્થાન મેળવી શકી નહીં. ઋષભને ૨૭ કરોડ રૂપિયાની મોટી રકમમાં લખનૌ સુપર જાયન્ટ્સ ટીમમાં ઉમેરવામાં આવ્યો.

મિડલ ઓર્ડર બેટ્સમેન વેંકટેશ ઐયરને કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) એ ૨૩.૭૫ કરોડ રૂપિયાની મોટી કિંમતે ફરીથી કરારબદ્ધ કર્યા. પરંતુ આ સિઝનમાં વેંકટેશ ઐયરનું બેટ સંપૂર્ણપણે શાંત રહ્યું. વેંકટેશે ૭ ઈનિંગ્સમાં ૨૦.૨૮ ની સરેરાશ અને ૧૩૯.૨૧ ના સ્ટ્રાઈક રેટથી ૧૪૨ રન બનાવ્યા. તેમના સ્કોર્સ ૬, ૩, ૬૦, ૪૫, ૭, ૧૪ અને ૭ હતા.

વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશને સનરાઈઝર્સ હૈદરાબાદ માટે પોતાની ડેબ્યૂ મેચમાં અણનમ ૧૦૬ રન બનાવ્યા. પછી એવું લાગતું હતું કે આ સિઝન ઈશાન કિશનના નામે રહેવાની છે, પરંતુ તે સદીની ઈનિંગ પછી, તેનું ફોર્મ પાટા પરથી ઉતરી ગયું. ઈશાન વર્તમાન સિઝનમાં ૧૨ મેચમાં માત્ર ૨૩૧ રન જ બનાવી શક્યો છે. આ સમયગાળા દરમિયાન તેમનો સરેરાશ ૨૫.૬૬ અને સ્ટ્રાઈક રેટ ૧૪૦.૮૫ રહ્યો છે. ઈશાન ૧૧.૨૫ કરોડ રૂપિયામાં સનરાઈઝર્સ હૈદરાબાદમાં જોડાયો, પરંતુ તે ટીમની અપેક્ષાઓ પર ખરો ઉતર્યો નહીં. સનરાઈઝર્સ હૈદરાબાદના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું આઈપીએલ ૨૦૨૫માં સારું પ્રદર્શન રહ્યું નથી. આગામી ઈંગ્લેન્ડ પ્રવાસને ધ્યાનમાં રાખીને ભારતીય ટીમ માટે પણ આ ચિંતાનો વિષય છે. શમીએ વર્તમાન આઈપીએલ સીઝનમાં ૯ મેચોમાં અત્યાર સુધી ૫૬.૧૬ ની સરેરાશ અને ૧૧.૨૩ ના નબળા ઈકોનોમી રેટથી માત્ર ૬ વિકેટ લીધી છે. ખરાબ પ્રદર્શનને કારણે, શમીને છેલ્લા કેટલાક મેચોમાં પ્લેઈંગ-૧૧માંથી બહાર બેસવું પડ્યું છે.આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શનમાં, શમીને હૈદરાબાદ ટીમે ૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિન ૧૦ વર્ષ પછી ચેન્નાઈ સુપર કિંગ્સમાં પાછો ફર્યો. આવી સ્થિતિમાં ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકોને આશા હતી કે તે આઈપીએલ ૨૦૨૫ માં શાનદાર પ્રદર્શન કરશે, પરંતુ આ સિઝનમાં તે ફોર્મમાં ન હોય તેવું લાગતું હતું. અશ્વિન ૯ મેચમાં ફક્ત ૭ વિકેટ લઈ શક્યો છે. આ સમયગાળા દરમિયાન અશ્વિનનો ઈકોનોમી રેટ ૯.૧૨ અને સરેરાશ ૪૦.૪૨ હતો. અશ્વિન ૯.૭૫ કરોડ રૂપિયામાં ચેન્નાઈ સુપર કિંગ્સમાં જોડાયો.

# એમજીવીસીએલની ગંભીર બેદરકારીથી ગોધરામાં રાત્રે અંધારપટ

**(પ્રતિનિધિ)ગોધરા,**
ગોધરા શહેર સહિત તાલુકામાં અને જિલ્લામાં ગુરુવાર ની રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ એકદમ જ ભારે પવન સાથે વાવાઝોડું આવ્યું.તો સાથે વરસાદ પણ શરૂ થયો.કુદરતની આ પ્રક્રિયા ચાલુ થઈ એટલે અમારા ગોધરા વાસીઓને ખબર છે તેમ કે હમણાં ગણતરીની મિનિટોમાં જ અમારી MGVCL પોતાની આદત મુજબ વીજ પ્રવાહ(લાઈટો ગુલ) બંધ કરી જ દેશે.અને થયું પણ એવું જ.અમારી MGVCLઆ બાબતે બહુ સતર્કતા જાળવે છે.ચોમાસા ની ઋતુ શરૂ થવાની હોય તે પહેલા શિયાળા અને ઉનાળાના ગણી એ લોકો પાસે સહેજેય આઠ મહિનાનો સમયગાળો હોય છે.ત્યારે તો કોઈ કાર્યવાહી કરી ના હોય અને ચોમાસુ આવે ત્યારે પણ પ્રિ મોન્સુન ની કામગીરીમાં ઠાગાઠૈયા થતા હોય.ત્યારે લાઈટો બંધ ના કરે તો શું કરે.ગમે તે કહો પણ ગત ગુરુવારની રોજ ભારે પવન સાથે વાવાઝોડું આવ્યું અને બાદમાં વરસાદ પણ પડ્યો.જેના સતર્કતા ના ભાગરૂપે MGVCL ધ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો.જે વીજ પુરવઠો વાવાઝોડું અને વરસાદ સમી ગયા બાદ પણ કોઈક વિસ્તારમાં એક કે બે કલાક બાદ અને અમુક વિસ્તારોમાં તો આખી રાત લાઈટ વગર લોકોને પસાર કરવાનો વારો આવ્યો છે.આવી પરિસ્થિતિમાં નાના બાળકો,બીમાર વ્યક્તિઓ,અશક્ત વૃદ્ધો,વડીલો ની હાલત કફોડી બનવા પામે છે.તો હવે આપણે ગોધરા વાસીઓ સહિત તાલુકા અને જિલ્લાના લોકો મન મનાવવા ખાતર આશા રાખીએ કે આગળ આવી રહેલી ચોમાસાની ઋતુમાં આપણને વીજ સુવિધા વગર ના રહેવું પડે તે માટે આપણી સ્ફઝ્ન-આવી વિકટ પરિસ્થિતિ માં ઉત્પન્ન થવા નહી દે.

# તીર્થધામ બોચાસણ મંદિરનો ૧૧૮ મો પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો

**(પ્રતિનિધિ) આણંદ,**
ભગવાન સ્વામિનારાયણના તૃતીય અધ્યાત્મિક વારસદાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત અક્ષર પુરુષોત્તમ ઉપાસનાનું પ્રથમ મંદિરઃ બોચાસણ બી એ પી એસ સ્વામીનારાયણ મંદિરનો ૧૧૮ મો પાટોત્સવ ખૂબ ધામધૂમથી અને ભક્તિભાવ પૂર્વક આજરોજ તા. ૨૨/૦૫/૨૫ ના રોજ ઉજવાયો.

સવારે મંગળા આરતી બાદ ભગવાનની સોળશોપચાર પૂજન વિધિ અને પાટોત્સવ અભિષેકવિધિ, સદગુરુવર્ય પૂ. ત્યાગવલ્લભ સ્વામીના પાવન સાંનિધ્યમાં તથા ચરોતરના તમામ મંદિરોના કોઠારી સંતો પૂ. વેદજ્ઞ સ્વામી, પૂ. ભગવતચરણ સ્વામી, પૂ. સર્વમંગલ સ્વામી, પૂ. ગુણનીધી સ્વામી વિ. સંતોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બાદ સંતો અને હરિભક્તોએ ભગવાનના અભિષેકનો લાભ લીધો અને ૩૦૦ જેટલા યજમાન હરિભક્તોએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા પાટોત્સવ મહાપૂજાનો લાભ લીધો હતો. આ સાથે આજના પવિત્ર દિવસે ભગવાન સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ભક્તિભાવપૂર્વક ધરાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ પાટોત્સવની મુખ્ય સભામાં વિવિધ વક્તા સંતોએ બોચાસણ મંદિરના વિરલ ઈતિહાસ અને મહિમાનું ગાન કર્યું હતું. બોચાસણ મંદિરના મહંત, સદગુરુવર્ય પૂ. ત્યાગવલ્લભ સ્વામીએ બોચાસણ મંદિરનો મહિમા જણાવતા કહ્યું કે, આ વિશ્વવ્યાપી BAPS સંસ્થાનું ગાદીસ્થાન છે, વર્તમાન સમયમાં પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી સમગ્ર BAPS સંસ્થાના બાળ બાલિકાઓ ‘સત્સંગ દીક્ષા મુખપાઠ અભિયાન – મિશન રાજીપો’માં જોડાઈને મુખપાઠ કરી રહ્યા છે ત્યારે આજે ખેડા ૧ રીઝન હેઠળના સત્સંગ દીક્ષા ગ્રંથના ૩૧૫ સંસ્કૃત શ્લોકોના સંપૂર્ણ મુખપાઠ કરનાર ૬૩ બાળકોનું સુંદર અભિવાદન અને સન્માન પૂજ્ય સંતોના હસ્તે થયું હતું અને ૬૧ બાલિકાઓનું તેઓના અગ્રેસર કાર્યકરો દ્વારા વિશિષ્ટ સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

ARCHIT ORGANOSYS LIMITED
Reg Office: 903, 9th Floor, Venus Benecia, Nr Pakwan Restaurant Bodakdev, S. G.Highway, Bodakdev, A'bad, 380054 CIN: L24110GJ1993PLC019941
Website: www. architorg.com Email: share@architorg.com Tele: 079-40082447

EXTRACT OF AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH, 2025 (Rs. in Lacs except EPS)

| Particular | For the Quarter Ended | | | For the Year Ended | |
|---|---|---|---|---|---|
| | 31/03/2025 Audited | 31/12/2024 Un-audited | 31/03/2024 Audited | 31/03/2025 Audited | 31/03/2024 Audited |
| Total Income from operations ( net ) | 4,424.75 | 2,680.47 | 3,172.79 | 12,869.2 | 11,569.70 |
| Net Profit / (Loss) for the period (before tax, Exceptional and / or Extra Ordinary items) | 330.62 | 162.57 | (109.53) | 753.88 | 101.38 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and /or Extra Ordinary items) | 330.62 | 162.57 | 227.74 | 753.88 | 438.65 |
| Net profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 201.74 | 101.21 | 178.96 | 505.1 | 333.79 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 202.57 | 101.21 | 174.98 | 505.93 | 331.87 |
| Equity Share Capital | 2,052.07 | 2,052.07 | 2,052.07 | 2,052.07 | 2,052.07 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance sheet of previous year) | - | - | - | 4,868.49 | 4,362.56 |
| Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | | | |
| (a) Basic | 0.98 | 0.49 | 0.87 | 2.46 | 1.63 |
| (b) Diluted | 0.98 | 0.49 | 0.87 | 2.46 | 1.63 |

Notes:
1. The financial results of the company for the quarter and year ended on 31st March, 2025 have been reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors of the Company in their meeting held on 23rd May, 2025.
2. These financial results have been prepared in accordance with indian Accounting Standards (Ind-AS) as prescribed under section 133 of the Companies Act, 2013 read with Rule 3 of the Companies (Indian Accounting Standards) Rules 2015 and relevant amendmenis thereafter.
3. The Company operates in a single segment and in line with Ind AS - 108 - "Operating Segments", the Operations of th Company fall under "Chemicals and Organics" which is considered to be the only reportable business segment.
4. The figures for the last quarter results are the balancing figures between the audited figures in respect of the full financial year and published year to date figures upto the third quarter of the respective financial
5. The Board of Directors has recommended a dividend of 0.5 Rs per share (5% of Rs 10/- each subject to approval of shareholders at the ensuring Annual General Meeting.
6. The figures of previous periods / year are reclassified, regrouped and rearranged wherever necessary so as to make them comparable with current period's figures.

Date : 23/05/2025
Place : Ahmedabad

For Archit Organosys Limited
S/d
Kandarp K Amin
Chairman and Whole Time Director DIN: 00038972

CREATIVE CASTINGS LIMITED
CIN : L27100GJ1985PLC008286
Reg. Office: 102, GIDC Phase-II, Rajkot Road, Dolatpara,Junagadh-03.
Ph.: +91 285 2660224, Fax: +91 285 2661348
Email: info@creative-cast.com, Web.: www.creative-cast.com

Extract of Standalone Financial Results for the quarter and year ended on 31st March, 2025

( Rs.in lakhs)

| SN | Particulars | Standalone | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Quarter ended on | | | Year to Date on | |
| | | 31/03/2025 (Audited) | 31/12/2024 (Unaudited) | 31/03/2024 (Audited) | 31/03/2025 (Audited) | 31/03/2024 (Audited) |
| 1 | Total income from operations (net) | 1,091.13 | 869.87 | 1,529.34 | 4,463.34 | 5,316.99 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items) | 133.11 | 103.50 | 224.93 | 531.89 | 653.30 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 133.11 | 103.50 | 224.93 | 531.89 | 653.30 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary Items) | 104.65 | 58.94 | 184.07 | 362.92 | 506.68 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 107.60 | 81.35 | 193.16 | 408.36 | 514.37 |
| 6 | Equity Share Capital | 130.00 | 130.00 | 130.00 | 130.00 | 130.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | 4,067.09 | 3,768.67 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing operations) (Amount in Rs.): | | | | | |
| | (a) Basic (in Rs.) | 8.05 | 4.53 | 14.16 | 27.92 | 38.98 |
| | (b) Diluted (in Rs.) | 8.05 | 4.53 | 14.16 | 27.92 | 38.98 |

NOTES:
1. The above is an extract of the detailed format of Quarterly Audited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the same is available on the websites of the Stock Exchange i.e. www.bseindia.com and on the Company's website at www.creative-cast.com.
2. The financial results of the Company have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind. AS") as prescribed under Section 133 of the Companies Act, 2013 read with the Companies (Indian Accounting Standards) Rules, 2015 as amended.

PLACE : Dolatpara, Junagadh
DATED : 24/05/2025

For & on behalf of the Board
CREATIVE CASTINGS LIMITED
-sd-
Dhirubhai H. Dand
Chairman & Director
DIN: 00284065

ashima LIMITED
CIN : L99999GJ1982PLC005253
REGD. OFFICE:TEXCELLENCE COMPLEX, NEAR ANUPAM CINEMA, KHOKHARA AHMEDABAD-380 021, GUJARAT, INDIA
E.MAIL : texcellence@ashima.in | PHONE: 91-79-67777000 | FAX: 91-79-22773061 | WEBSITE : www.ashima.in

EXTRACT OF STATEMENT OF AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH, 2025

(Rs. in lacs, except per share data)

| Sl. No. | Particulars | Audited | | | |
|---|---|---|---|---|---|
| | | Quarter ended 31/03/2025 | Year ended 31/03/2025 | Quarter ended 31/03/2024 | Year ended 31/03/2024 |
| | **Continuing Operations** | | | | |
| 1 | Total Income from Operations | 174 | 1,360 | 7,920 | 9,123 |
| 2 | Net Profit/(Loss) for the period before tax and Exceptional items | (202) | (27) | 6,201 | 6,910 |
| 3 | Net Profit/(Loss) for the period before tax and after Exceptional items | (202) | (27) | 6,201 | 6,910 |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | (199) | (24) | 6,195 | 6,904 |
| | **Discontinued Operations** | | | | |
| 5 | Net Profit/(Loss) for the period before tax and Exceptional Items | 1,360 | (227) | (114) | (763) |
| 6 | Net Profit/(Loss) for the period before tax and after Exceptional items | 1,360 | (3,361) | (114) | (763) |
| 7 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | 524 | (1,876) | 3,386 | 2,737 |
| | **Total for Continuing and Discontinued Items** | | | | |
| 8 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | 325 | (1,900) | 9,582 | 9,641 |
| 9 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 395 | (1,830) | 9,598 | 9,658 |
| 10 | Paid up Equity Share Capital (Face value of Rs. 10/- each) | 19,166 | 19,166 | 19,166 | 19,166 |
| 11 | Other Equity excluding revaluation reserve | - | 10,690 | - | 12,520 |
| 12 | Earnings per share [EPS] (of Rs.10/- each) Basic and diluted EPS [in Rs.] - Continuing and Discontinued operations | 0.17 | (0.99) | 5.00 | 5.03 |

Additional Information on standalone financial result is as follows:-

| | Particulars | Quarter ended 31/03/2025 | Year ended 31/03/2025 | Quarter ended 31/03/2024 | Year ended 31/03/2024 |
|---|---|---|---|---|---|
| 1 | Revenue from operations-Continued Operations | 159 | 1,329 | 7,920 | 9,123 |
| 2 | Profit/(Loss) before Tax - Continued Operations | (199) | (12) | 6,201 | 6,910 |
| 3 | Profit/(Loss) before Tax -Discontinued operations | 1,360 | (227) | (114) | (763) |
| 4 | Profit/(Loss) before Tax - Total | 1,161 | (239) | 6,087 | 6,147 |
| 5 | Profit/(Loss) after Tax - Continued Operations | (199) | (12) | 6,195 | 6,904 |
| 6 | Profit/(Loss) after Tax - Discontinued operations | 524 | (1,876) | 3,386 | 2,737 |
| 7 | Profit/(Loss) after Tax - Total | 325 | (1,888) | 9,582 | 9,641 |

1 The above is an extract of the detailed format of the Audited Financial Results for the quarter and year ended 31st March, 2025 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Audited Financial Results for the quarter and year ended 31st March, 2025 are available on the websites of BSE Ltd. at www.bseindia.com, National Stock Exchange of India Ltd. at www.nseindia.com and on the website of the Company at www.ashima.in.
2 The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on 24th May, 2025.

Place: AHMEDABAD
Date: 24th May, 2025

For, ASHIMA LIMITED
CHINTAN N. PARIKH
CHAIRMAN & MANAGING DIRECTOR
DIN: 00155225
CONCEPT